# વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમ અપનાવો

## ૧. પ્રસ્તાવના. :

વર્તમાન સમયગાળામાં રાજય તથા રાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રોના ઔદ્યોગિકરણનો વ્યાપ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ દેશમાં ઉદ્યોગો સ્થાપી રહી છે, નવા નવા ક્ષેત્રો ઉભરી રહ્યા છે તે સંજોગોમાં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઉમેદવાર માટે રોજગારી / સ્વરોજગારી મેળવવાની વધુ ઉજળી તકો રહેલી છે. રાજયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે અપાતી વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઘણા બધા ઉમેદવારો આજે માત્ર રાષ્ટ્રમાં જ નહીં પણ વિદેશમાં પણ સારી એવી રોજગારી મેળવી રહ્યા છે. આથી સરળતાથી રોજગારી / સ્વરોજગારી પ્રાપ્ત કરવા માટે વ્યવસાયલક્ષી શિક્ષણ અપનાવવું એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળ રાજયના તમામ તાલુકાઓમાં / અંતરિયાળ વિસ્તારો સુધી કાર્યરત સરકારી / ગ્રાન્ટ–ઈન–એઈડ / સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.)માં વ્યવસાયલક્ષી તાલીમ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તૃત અને વ્યાપક તાલીમી સુવિધાઓ ઉપલબ્ધ છે, જેનો પરિચય નીચે મુજબ છે.

## ૨. કારીગર તાલીમ યોજના (Craftsman Training Scheme) (સી.ટી.એસ.) :

વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રીન્યોરશીપ મંત્રાલય હસ્તકની ડાયરેકટર જનરલ ઓફ ટ્રેઈનીંગ, ન્યુ દિલ્હી (DGT) દ્વારા ઘડાયેલ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી, રોજગારી / સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે. કારીગર તાલીમ યોજના હેઠળ નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (NCVT) પેટર્નના રાષ્ટ્રિય કક્ષાના વ્યવસાયોનું સંચાલન સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI), ગ્રાન્ટ–ઈન–એઈડ / સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ITC), સરકારી ટેકનિકલ હાઈસ્કૂલો વગેરે દ્વારા થાય છે. ઉપરાંત આ યોજના તળે રાજયકક્ષાના ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (GCVT/ SCVT) પેટર્ન હેઠળના વ્યવસાયોનો પણ સમાવેશ થાય છે.

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની સરકારી / ગ્રાન્ટ–ઈન–એઈડ / સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ પ્રકારના રોજગાર / સ્વરોજગાર લક્ષી અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વ્યવસાયો / અભ્યાસક્રમનો પ્રકાર | પરિશિષ્ટ નંબર |
|---|---|---|
| ૧ | એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયો | પરિશિષ્ટ–૧ |
| ૨ | જી.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયો | પરિશિષ્ટ–૨ |
| ૩ | દિવ્યાંગ ઉમેદવારો માટેના અભ્યાસક્રમો | પરિશિષ્ટ–૭ |
| ૪ | ટૂંકાગાળાના અભ્યાસક્રમો | પરિશિષ્ટ–૧૨ |
| ૫ | સર્વિસ સેકટરના અભ્યાસક્રમો | પરિશિષ્ટ–૧૩ |

ઉપરોક્ત **પરિશિષ્ટ–૧** થી **પરિશિષ્ટ–૩** માં વ્યવસાયો અને તેના ટ્રેડ કોડ તથા જરૂરી ન્યુનતમ શૈક્ષણિક લાયકાત, તાલીમનો સમયગાળો વગેરે વિગતો દર્શાવેલ છે.

સંસ્થાવાર વ્યવસાયદીઠ ઉપલબ્ધ બેઠકોની વિગતો **પરિશિષ્ટઃ૧૪ તથા પરિશિષ્ટઃ૧૫** આ ખાતાની વેબ સાઈટ (1) https://www.talimrojgar.gujarat.gov.in (2) https://itiadmission.gujarat.gov.in પરથી (જે તે વિભાગ પૂરતી દા.ત. અમદાવાદ વિભાગ કે રાજકોટ કે વડોદરા, કે સુરત વિભાગ) ઉપલબ્ધ બનશે. **(નોંધઃ આ બેઠકોમાં સંજોગોવશાત ફેરફારને આધિન રહેશે.)**

## ૨.૧ તાલીમનું સ્વરૂપ / સમયપત્રક :

આઈ.ટી.આઈ.માં અઠવાડીયાના કામના કુલ–**૪૨** કલાકો હોય છે, જેમાં પ્રાયોગિક તાલીમ તેમજ થીયરીની તાલીમ હોય છે. એન્જીનીયરીંગ વ્યવસાયોમાં નીચે મુજબ તાલીમાર્થીઓને જે તે વ્યવસાયના સીલેબસ મુજબ થીયરી/પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. નોન એન્જીનીયરીંગ વ્યવસાયોમાં એન્જીનીયરીંગ ડ્રોઈંગ તથા વર્કશોપ કેલ્ક્યુલેશન એન્ડ સાયન્સ ના વિષયોનો સમાવેશ થતો નથી.

| **અ** | **પ્રાયોગિક તાલીમ** | **૨૮ કલાક/અઠવાડીયા** |
|---|---|---|
| **બ** | **થીયરીઃ (૧૦ કલાક/અઠવાડીયા)** | |
| | ટ્રેડ થીયરી | ૦૪ કલાક/અઠવાડીયા |
| | એન્જીનીયરીંગ ડ્રોઈંગ | ૦૨ કલાક/અઠવાડીયા |
| | વર્કશોપ કેલ્ક્યુલેશન એન્ડ સાયન્સ | ૦૨ કલાક/અઠવાડીયા |
| | એમ્પ્લોયબીલીટી સ્કીલ | ૦૨ કલાક/અઠવાડીયા |
| **ક** | **એક્સ્ટ્રા ક્યુરીક્યુલર એક્ટીવીટી** | **૦૪ કલાક/અઠવાડીયા** |

**સંસ્થાના તાલીમી સમયપત્રકની વિગત:**

સામાન્ય રીતે જિલ્લા/તાલુકા કક્ષાની મુખ્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રથમ, બીજી અને ત્રીજી પાળીમાં જયારે અન્ય સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તેમજ ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રથમ અને બીજી પાળીમાં નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ તાલીમ આપવામાં આવે છે. **સમય પત્રકમાં સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ સામાન્ય ફેરફાર સંભવિત છે.**

| **ક્રમ** | **પાળી** | **સમય** |
|---|---|---|
| ૧ | પ્રથમ પાળી | સવારે ૦૭.૨૦ થી બપોરે ૨.૫૦ સુધી |
| ૨ | બીજી પાળી | સવારે ૦૯.૩૦ થી સાંજે ૫.૩૦ સુધી |
| ૩ | ત્રીજી પાળી | બપોરે ૧૪.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી |

## ૨.૨ સી.ટી.એસ. યોજનાનો અમલ કરતી સંસ્થાઓ :

રાજયમાં આ યોજનાનો અમલ કરતી સંસ્થાઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંસ્થાની વિગત** | **પરિશિષ્ટ નંબર** |
|---|---|---|
| ૧ | સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | પરિશિષ્ટ–૩ |
| ૨ | ગ્રાન્ટ–ઈન– એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | પરિશિષ્ટ–૪ |
| ૩ | સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | પરિશિષ્ટ–૫ |
| ૪ | સરકારી ટેકનિકલ હાઈસ્કૂલો | પરિશિષ્ટ–૬ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો માટેની ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | પરિશિષ્ટ–૯ |
| ૬ | કુટિર ઉદ્યોગ તાલીમ કેન્દ્રો | પરિશિષ્ટ–૧૧ |

ઉપર દર્શાવ્યા મુજબના **પરિશિષ્ટ–૩** થી **પરિશિષ્ટ–૧૧** માં સંસ્થાઓના નામ, સરનામાં, ટેલીફોન નંબર તેમજ આ સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ વ્યવસાયો સહિતની વિગતો દર્શાવેલ છે.

### ૨.૨.૩ સરકારી ટેકનિકલ હાઈસ્કૂલ :

કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, બ્લોક નંબરઃ૨, છઠ્ઠો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર હસ્તકની **૧૭** જેટલી સરકારી ટેકનિકલ હાઈસ્કૂલોમાં પણ સી.ટી.એસ. યોજનાનું સંચાલન થાય છે. **પરિશિષ્ટઃ૬** માં હાઈસ્કૂલ દીઠ ઉપલબ્ધ વ્યવસાયોની વિગતો દર્શાવેલ છે. આ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા અંગેની વિગતો સંબધિત સરકારી ટેકનિકલ હાઈસ્કૂલનો સંપર્ક કરવાથી મળી શકશે.

## ૨.૨.૪ સ્વનિર્ભર સંસ્થાઓ :

રાજયમાં વ્યવસાચિક તાલીમની સુવિધાઓનું વિસ્તૃતિકરણ કરવા સારૂ સ્વ-રોકાણથી (રાજય સરકાર તરફથી કોઈપણ પ્રકારના અનુદાન કે સહાય વગર) એન.સી.વી.ટી. કે જી.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો ચલાવવા જાહેર ટ્રસ્ટો / પબ્લિક લિમિટેડ કંપનીઓને **વર્ષ:૧૯૯૯** થી મંજૂરી આપવામાં આવેલ છે. આવી સ્વનિર્ભર સંસ્થાઓમાં ચાલતાં તાલીમ વર્ગોમાં પ્રવેશ આપવા માટે આ સંસ્થાઓ સ્વતંત્ર છે. પરંતુ આવી સંસ્થાઓના તાલીમાર્થીઓની પરીક્ષા એન.સી.વી.ટી. પેટર્નના એફીલીએટેડ ટ્રેડો માટે ભારત સરકારના શ્રમ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ અત્રેથી લેવામાં આવે છે, જયારે જી.સી.વી.ટી. પેટર્નના ટ્રેડો માટે રાજયકક્ષાનું એફીલીએશન મેળવેલ હોય તેની જી.સી.વી.ટી. દ્વારા પરીક્ષા યોજવામા આવે છે. તેમજ લાગુ પડતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવે છે. ભારત સરકારના ડી.જી.ટી. નવી દિલ્હી દ્વારા તાલીમ ફી નું મહત્તમ ધોરણ નીચે દર્શાવ્યા મુજબ નકકી કરવા આવેલ છે.

| વિસ્તાર | વ્યવસાયનો પ્રકાર | વ્યવસાય દીઠ મહત્તમ ફી નું ધોરણ |
|---|---|---|
| ગ્રામ્ય | એન્જીનીયરીંગ વ્યવસાયો | રૂા.૧૬૦૦૦/- |
| | નોન એન્જીનીયરીંગ વ્યવસાયો | રૂા. ૧૨૮૦૦/- |
| શહેરી | એન્જીનીયરીંગ વ્યવસાયો | રૂા.૧૭૬૫૦/- |
| | નોન એન્જીનીયરીંગ વ્યવસાયો | રૂા. ૧૪૧૦૦/- |

સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારે સબંધિત સંસ્થાઓનો સંપર્ક કરવાનો રહેશે. આવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવતાં પહેલાં ઉમેદવારોએ ટયુશન ફી તથા એફીલીએટેડ બેઠકોની જાણકારી મેળવી લેવી હિતાવહ છે. સ્વનિર્ભર સંસ્થાના ઉમેદવારોને રોજગાર અને તાલીમ ખાતા દ્વારા કોઈ પણ પ્રકારની શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી.

## ૨.૩ સી.ટી.એસ.યોજના હેઠળ ચાલતા વ્યવસાયોના એફીલીએશનની વિગતોઃ

**૨.૩.૧** ભારત સરકારના ડાયરેકટર જનરલ ઓફ ટ્રેઈનીંગ,ન્યુ દિલ્હી (DGT) દ્વારા એફીલીએશન મળેલ હોય તેવા અભ્યાસક્રમોની નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી.) દ્વારા પરીક્ષા લેવામાં આવે છે અને ઉત્તિર્ણ થયેલ તાલીમાર્થીઓને એન.સી.વી.ટી.નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

**૨.૩.૨** રાજ્ય સરકારના રોજગાર અને તાલીમ ખાતા દ્વારા એફીલીએશન મળેલ હોય તેવા અભ્યાસક્રમોની ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (જી.સી.વી.ટી.) દ્વારા પરીક્ષા લેવામાં આવે છે અને ઉત્તિર્ણ થયેલ તાલીમાર્થીઓને જી.સી.વી.ટી.નું રાજ્ય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

**૨.૩.૩** એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયની કુલ મંજૂર બેઠકો પૈકી આઈ.ટી.આઈ. / આઈ.ટી.સી. દીઠ એન.સી.વી.ટી. પેટર્નના જુદા જુદા વ્યવસાયોમાં એફીલીએટેડ અને અનએફીલીએટેડ બેઠકો તથા **ઓગષ્ટ-૨૦૧૮** ના ભરતી સત્રમાં ભરવાપાત્ર બેઠકોની વિગતો **પરિશિષ્ટ:૧૪ તથા પરિશિષ્ટ:૧૫** આ ખાતાની વેબ સાઈટ (1) https://www.talimrojgar.gujarat.gov.in (2) https://itiadmission.gujarat.gov.in ઉપરથી જાણી શકાશે. પ્રવેશ ફોર્મ ભરતી વખતે સબંધિત ટ્રેડના એફીલીએશન અંગેની છેવટની માહિતી સબંધિત આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ સમયે મેળવી શકાશે. તાલીમાર્થી / વાલીઓને જે તે સંસ્થા ખાતેના ટ્રેડ / યુનિટની એફીલીએશનની વિગતો જાણી / સમજી પ્રવેશ મેળવવા વિનંતી છે.

## ૨.૪ પ્રવેશ મેળવવાની પદ્ધતિઃ

**૨.૪.૧** આ માહિતી પુસ્તિકા માત્ર સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોને લાગું પડે છે, અને તે ફકત એક વર્ષ અને બે વર્ષના (જી.સી.વી.ટી. / એન.સી.વી.ટી.) ના વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા સારૂ ઉપયોગમાં લઈ શકાશે.

જયારે એક વર્ષથી ઓછી મુદતના વ્યવસાયોમાં પ્રવેશ માટે સંબંધિત સંસ્થા કક્ષાએથી સ્થાનિક રીતે અલાયદી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોઈ સંબંધિત સંસ્થાઓનો રૂબરૂમાં સંપર્ક કરવો. સરકારી ટેકનિકલ હાઈસ્કૂલ, દિવ્યાંગ ઉમેદવારોને તાલીમ આપતી સંસ્થાઓ તેમજ સ્વનિર્ભર સંસ્થાઓમાં ચાલતા સી.ટી.એસ. યોજના હેઠળના એન.સી.વી.ટી. / જી.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જે તે સંબંધિત ટેકનિકલ હાઈસ્કૂલ, દિવ્યાંગ ઉમેદવારોને તાલીમ આપતી સંસ્થાઓ અને સ્વનિર્ભર કેન્દ્રોનો સંપર્ક કરવા વિનંતી છે.

**૨.૪.૨** ઉમેદવાર ઓનલાઈન પ્રવેશફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી ભરી શકે છે. તેમ છતાં ઉમેદવારોની સુવિધા માટે રાજયમાં આવેલ કોઈ પણ નજીકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાંથી કામકાજના દિવસો દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી ઓનલાઈન ફોર્મ દીઠ નિયત કરેલ ફી **રૂા.૨૦/–** રોકડેથી ચૂકવીને એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયાનાં બીજા દિવસથી કચેરીના કામકાજના દિવસો દરમ્યાન નિયત તારીખ સુધીમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી આ ખાતાની વેબસાઈટ (1) https://www.talimrojgar.gujarat.gov.in (2) https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઈન ભરી શકાશે.

**૨.૪.3** સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં કચેરી કામકાજના સમય દરમ્યાન રજીસ્ટ્રેશન ફી **રૂા.૫૦/–** સાથે ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ભરીને એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયાના બીજા દિવસથી કચેરીના કામકાજના દિવસ દરમ્યાન નિયત તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. અન્યથા પ્રવેશ અરજી ફોર્મ સ્વીકારવાની તારીખમાં ફેરફાર અંગેની જાણકારી સંબંધિત સંસ્થાઓમાંથી મેળવી શકાશે અથવા ઉપરોકત વેબસાઈટ ઉપરથી પણ જાણી શકાશે.

**૨.૪.૪** સંપૂર્ણ ભરેલા ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ઉમેદવાર તેમનાં રહેઠાણની નજીકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં નિયત કરેલ તારીખ સુધીમાં અને નિયત ફી ચૂકવી જમા કરાવી શકશે. જો કોઈ ઉમેદવાર એક કરતા વધુ  સંસ્થામાં પ્રવેશ ફોર્મ ભરવા ઈચ્છતા હશે તો તેઓએ દરેક સંસ્થા દીઠ અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ભરવાનું રહેશે.

**૨.૪.૫** દરેક સંસ્થામાં પ્રવેશ આપવાની કામગીરી દરેક સંસ્થા કક્ષાએથી જ અગ્રતાક્રમ અનુસાર સ્થાનિક મેરિટના ધોરણે તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન અનામત નીતિના નિયમોને લક્ષમાં રાખી હાથ ધરવામાં આવનાર છે. અરજી પત્રક ભરવા સંબંધિત સૂચના **પાના નંબરઃ૧૪** ઉપર તથા  પ્રવેશ માટે મેરિટ યાદી નકકી કરવાની પદ્ધતિ **પાના નંબરઃ૧૮** ઉપર દર્શાવવામાં આવેલ છે.

**૨.૪.૬** ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ઉપલબ્ધ વ્યવસાયો, વ્યવસાયમાં આવરી લેવાયેલ બાબતો, તાલીમ પૂર્ણ કર્યા બાદ કારકિર્દી માટેની તકોની વિગતો અને વધુ માહિતી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના માર્ગદર્શન કાઉન્ટર ઉપર ઉપલબ્ધ થઈ શકશે. આથી પ્રવેશ અરજી ફોર્મ જમા કરાવતી વખતે સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવાય તો વ્યવસાયની પસંદગી કરવામાં સમજ કેળવી શકાય. રાજયની કોઈ પણ રોજગાર વિનિમય કચેરીના રોજગાર અધિકારી (વોકેશનલ ગાઈડસ) નો સંપર્ક કરવાથી અથવા રોજગાર અને તાલીમની વેબ સાઈટ (**https://www.talimrojgar.gujarat.gov.in**) માંથી પણ કારકિર્દી ઘડતર બાબતની અદ્યતન વિગતો અને માર્ગદર્શન મેળવી શકાશે. પ્રવેશ ફોર્મ ભરતા પહેલાં માર્ગદર્શન કાઉન્ટરની અવશ્ય મુલાકાત લેવા વિનંતી છે.

**૨.૪.૭** ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં ભરેલા ઓનલાઈન અરજી ફોર્મ રૂબરૂમાં જ સ્વીકારવામાં આવશે. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રવેશ અરજી ફોર્મ સ્વીકારવાની નિયત થયેલ તારીખ બાદ મેરિટ યાદી તૈયાર કરવાના ધોરણો વગેરે ધ્યાને લઈ જે તે સંસ્થા ખાતે કુલ મળેલા પ્રવેશ અરજી ફોર્મની વિગતો ઉપરથી મેરિટ યાદી તૈયાર કરી જે તે સંસ્થા ખાતે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પ્રસિદ્ધિની તારીખમાં અગર કોઈ ફેરફાર હશે તો તે અંગેની જાણ સંબંધિત સંસ્થા ખાતેથી મેળવી શકાશે. ઉપરાંત મેરિટના ક્રમ મુજબ રૂબરૂ મુલાકાતના દિવસોના સમયપત્રક પણ સંસ્થા ખાતેના નોટીસ બોર્ડ ઉપરથી જાણી શકાશે.

**૨.૪.૮** સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાતનો હેતુ જે તે અરજદારને તેઓના મેરિટના ક્રમમાં ઉપલબ્ધ ટ્રેડોની ખાલી બેઠકોમાં પ્રવેશ આપવાનો છે. અરજદારે રૂબરૂ મુલાકાતના દિવસે તેમના પસંદગીના કોઈપણ એક ઉપલબ્ધ ટ્રેડની વિગત લેખિતમાં આપવાની રહેશે અને તે જ દિવસે પસંદગી સમિતિ મેરિટના ધોરણે ઉપલબ્ધ વ્યવસાયની ખાલી બેઠક ઉપર ફાળવણી કરશે. રૂબરૂ મુલાકાત સમયની વિગતવાર સૂચનાઓ માટે **પાના નંબરઃ૨૦** જોવા વિનંતી છે. આ ફાળવણી મુજબ તે જ દિવસે ઉમેદવારે **૭** માસની ટયુશન ફી અને કોશનમની ડિપોઝિટ જમા કરાવ્યેથી પ્રવેશ નિશ્ચિત ગણાશે અન્યથા અરજદારનો મેરિટ ક્રમ હોવા છતાં તે ટ્રેડની બેઠક ઉપરનો કોઈ હકક દાવો રહેશે નહીં અને તેઓનું નામ મેરિટ યાદીમાં રદ ગણવામાં આવશે.

**ખાસ નોંધઃ**

**(૧) એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયોમાં પ્રવેશ માટે અરજી કરનાર કોઈપણ ઉમેદવાર અન્ય કોઈપણ સંસ્થા કે કોલેજમાં પાર્ટ ટાઈમ/ફુલ ટાઈમ અભ્યાસ કરતા હોવા જોઈએ નહીં. આ માટે તેમણે પોતાનું સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ અસલમાં ફી ભરતી વખતે જમા કરાવવાનું રહેશે. પાર્ટટાઈમ/ફુલ ટાઈમ અભ્યાસ કરતા હોવાનું પાછળથી ધ્યાન ઉપર આવશે તો તાત્કાલિક અસરથી પ્રવેશ રદ કરવામાં આવશે.**

**પ્રવેશ લીધેલ તાલીમાર્થીઓને જાન્યુઆરી – ૨૦૧૯ માં જ અસલ સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરત કરવામાં આવશે. જ્યારે ડિપ્લોમા / એન્જીનીયરીંગ / મેડિકલ જેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમ માટે પુરાવા સહિત અરજી થયેથી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરત કરવામાં આવશે.**

**(૨) કારીગર તાલીમ યોજનાના ભારત સરકાર દ્વારા તૈયાર કરેલ ટ્રેનીંગ મેન્યુઅલના ફકરા નંબરઃ૨૨ મુજબ " સંસ્થા / કેન્દ્રના વડાની પરવાનગી વિના અને તેઓને જાણ કર્યા વિના અનઅધિકૃત સતત ૧૦ દિવસ તાલીમી સંસ્થામાં હાજર ન રહેનાર તાલીમાર્થીઓને ભાગેડુ તરીકે ગણી તેઓનું નામ સંસ્થાના હાજરી પત્રકમાંથી તેઓની ગેરહાજરીના પ્રથમ દિવસની અસરથી કમી કરવાનું રહેશે."**

**ટ્રેનીંગ મેન્યુઅલના ફકરા નંબર:૧૯(સી) અનુસાર "જયારે કોઈ તાલીમાર્થી કોઈપણ કારણોસર ૫૦ ટકા કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહેશે ત્યારે તેને તાલીમમાં ચાલુ રહેવા દેવામાં આવશે નહી" જેની ખાસ નોંધ લેવી.**

**દર વર્ષે જુલાઇ/ઓગષ્ટ માસમાં નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT)દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય વ્યવસાય કસોટીમાં માત્ર એફીલીએટેડ વ્યવસાયમાં ઉતિર્ણ થનારને રાષ્ટ્રીય કક્ષાનું નેશનલ ટ્રેડ સર્ટીફીકેટ ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટએન્ડ એન્ટરપ્રિન્યોરશીપ, નવી દિલ્હી દ્વારા એનાયત કરવામાં આવે છે.**

**જ્યારે જી.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો માટે ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ(GCVT) દ્વારા લેવામાં આવતી વ્યવસાયિક કસોટીમાં ઉતિર્ણ થનારને રાજ્યકક્ષાનું સ્ટેટ ટ્રેડ સર્ટિફીકેટ ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકની જી.સી.વી.ટી. દ્વારા એનાયત કરવામાં આવે છે. આવા સર્ટિફીકેટ અનુક્રમે દેશ/વિદેશ અને રાજયની અંદર રોજગારી/સ્વરોજગારી માટે ઘણાં ઉપયોગી છે. આઇ.ટી.આઇ.માં (NCVT/GCVT) પરીક્ષામાં બેસવા માટે ૮૦ ટકા હાજરી હોવી ફરજિયાત છે. જેમાં કોઈ છૂટછાટ આપવામાં આવતી નથી. ૮૦ ટકા હાજરીનું ધોરણ સમગ્ર ભારતમાં લાગુ પડે છે.**

## ૨.૪.૯ ટ્રેડ ટ્રાન્સફર પ્રક્રિયા જે તે સંસ્થા કક્ષાએ:

પ્રવેશ મેળવ્યા બાદ એટલે કે **તારીખઃ૦૧/૦૮/૨૦૧૮** થી નિયમિત રીતે સંસ્થામાં જોડાયા બાદ અગર તાલીમાર્થીને તેની પ્રથમ પસંદગીના ટ્રેડમાં પ્રવેશ ન મળેલ હોય પરંતુ કોઈ પણ કારણોસર તે જ સંસ્થા / કેન્દ્રમાં પ્રવેશ માટે જાહેર થયેલ વ્યવસાયોની ભરવાપાત્ર બેઠકો પૈકી જો કોઈ બેઠકો ખાલી પડશે તો જ પ્રથમ રાઉન્ડના અંતે તાલીમાર્થી દ્વારા સંબધિત સંસ્થાના વડાને લેખિતમાં માંગણી કર્યેથી મેરિટ અનુસાર પસંદગીના ટ્રેડમાં ટ્રેડ બદલીની માંગણી ઉપર સંબધિત સંસ્થા દ્વારા વિચારણા કરવામાં આવશે.

# તાલીમાર્થીઓને આપવામાં આવતી સુવિધાઓ

## ૧. તાલીમાર્થીઓને આપવામાં આવતી સંસ્થાકીય વૃત્તિકા(સ્ટાઈપેન્ડ) :

**૧.૧** સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા / ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને જે તે સંસ્થા ખાતેની કુલ મંજૂર બેઠકોના **૩૩.૩૩** ટકા તાલીમાર્થીઓને મેરીટ ક્રમ મીન્સના ધોરણે પ્રવર્તમાન નિયમો અનુસાર સંસ્થાકીય સ્ટાઈપેન્ડ નીચે મુજબના દરે આપવામાં આવે છે.

| ક્રમ | જાતિ | સંસ્થાકીય સ્ટાઇપેન્ડનો માસિક દર રૂ.( શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા) | શિષ્યવૃત્તિનો માસિક દર રૂ. (સમાજકલ્યાણ વિભાગ / આદિજાતિ વિકાસ દ્વારા) | સ્ટાઈપેન્ડ મેળવવા માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અનુસુચિત જાતિ (SC) | રૂ.૪૦૦/– | રૂ.૪૦૦/– | ગ્રામ્ય વિસ્તાર માટે: **રૂ.૧,૨૦,૦૦૦/–** શહેરી વિસ્તાર માટે: **રૂ.૧,૫૦,૦૦૦/–** |
| ૨ | અનુસુચિત જનજાતિ (ST) | રૂ.૪૦૦/– | રૂ.૪૦૦/– | |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત(બક્ષીપંચ) જાતિઓ અને વિચરતી / વિમુકત જાતિઓ (SEBC) | રૂ.૪૦૦– | રૂ.૪૦૦/– | |
| ૪ | અનુક્રમ નંબર ૧ થી ૩ મા સમાવેશ ન હોય તેવી અન્ય જાતિ (Other) | રૂ.૨૦૦/– | રૂ.૪૦૦/– | |

**૧.૨** સંસ્થાકીય સ્ટાઇપેન્ડ નહીં મેળવતા તાલીમાર્થીઓને સમાજ કલ્યાણ વિભાગ /આદિજાતિ વિભાગ દ્વારા પ્રવર્તમાન નિયમોનુસાર ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

સ્ટાઈપેન્ડ/ શિષ્યવૃત્તિ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં જરૂરી વિગતો ભરવાની રહેશે તથા ફોર્મ સાથે આધારભુત પુરાવાઓ રજુ કરવાના રહેશે.

**સ્ટાઈપેન્ડ /શિષ્યવૃતિ ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ તાલીમાર્થીના બેંક એકાઉન્ટમાં સીધેસીધી ચુકવવામાં આવતી હોઈ તાલીમાર્થીનું આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ હોવું આવશ્યક છે.**

## ૨. ગુજરાત સામૂહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજનાઃ

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ખાતે આપવામાં આવતી વિવિધ વ્યવસાયોની પ્રાયોગિક તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને વિવિધ યંત્રો તથા ઉપકરણો સાથે કામ કરવું પડે છે. જે દરમ્યાન અકસ્માતની સંભાવનાને ધ્યાને લઈ જોખમ સામે રક્ષણ આપવા અને યોગ્ય વીમા કવચ પૂરૂં પાડવા માટે **"ગુજરાત સામૂહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના"** ૧લી એપ્રિલ ૨૦૦૮ થી સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ **રૂ.૧.૦૦ લાખ** સુધીના અકસ્માત વીમાના રક્ષાકવચથી તાલીમાર્થીઓને આવરી લેવાયા છે.

## ૩. તાલીમાર્થીઓ માટે એસ.ટી. બસ / રેલ્વે પાસ સુવિધાઃ

રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ–ઇન–એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો/સ્વનિર્ભર સંસ્થાઓના લાંબાગાળા / ટૂંકાગાળાના વ્યવસાયોમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓને એસ.ટી. બસ / રેલ્વેમાં રાહત દરે પાસ સુવિધા આપવામાં આવે છે.

## ૪. મહિલા તાલીમાર્થીનીઓને વિદ્યા સાધના સહાય હેઠળ સાયકલ ભેટઃ

રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં છ માસથી વધુ સમયના ટ્રેડ/કોર્સમાં તાલીમ મેળવતી મહિલા તાલીમાર્થીનીઓને તેમના પિતા/વાલીની વાર્ષિક આવક મર્યાદાના ધોરણો સંતોષાતા હોય તેવી કન્યાઓને તેમના રહેઠાણથી આઇ.ટી.આઇ.નું અંતર મર્યાદાના બાધ વિના નિયમાનુસાર ''વિદ્યાસહાય યોજના'' હેઠળ સાયકલ ભેટ આપવામાં આવે છે.

## ૫. કોમ્પ્યુટર સંલગ્ન વ્યવસાયોના તાલીમાર્થીઓને ટેબલેટ સહાયઃ

રાજ્યની સરકારી/ગ્રાન્ટ–ઇન–એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં છ માસથી વધુ સમયના કોમ્પ્યુટર સંલગ્ન વ્યવસાયમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓને સરકારશ્રી દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ટેબલેટ અંગેની સહાય આપવામાં આવે છે.

## ૬. તાલીમાર્થીઓ માટેની બેંકેબલ લોન સહાય યોજનાઃ

રાજ્યની સરકારી / ગ્રાન્ટ–ઇન–એઇડ / સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ કેન્દ્રોમાં લાંબાગાળા / ટૂંકાગાળાના વ્યવસાયો/અભ્યાસક્રમોમાં તાલીમ મેળવી પાસ થતા તાલીમાર્થીને પોતાનો સ્વરોજગાર સ્થાપવા ઇચ્છતા હોય તો તાલીમાર્થીને સરકારશ્રી દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ મુજબ બેંકેબલ લોન સબસીડી સહાય આપવામાં આવે છે.

## ૭. તાલીમાર્થીઓ માટે આઇ.ટી.આઇ. /આઇ.ટી.સી.માં પ્લેસમેન્ટ સેલની સ્થાપના:

રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ મેળવી ઉત્તીર્ણ થનાર તાલીમાર્થીઓ રોજગારી/ સ્વરોજગારી મેળવી શકે તે માટે રાજ્યની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્લેસમેન્ટ એડવાઇઝરી બ્યુરો(PAB)ની સ્થાપના કરવામાં આવેલ છે. જે અંતર્ગત આઇ.ટી.આઇ.માં રોજગાર વિનિમય કેન્દ્રોના સહયોગથી રોજગારવાંચ્છું અને નોકરીદાતાઓ માટે મેગા જોબફેર, ભરતી મેળા, કેમ્પસ ઇન્ટરવ્યુ માટે આયોજન કરવામાં આવે છે.

## ૮. છાત્રાલયની સગવડ :

રાજયમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કુબેરનગર, સરખેજ, ગાંધીનગર, વિસનગર, પાલનપુર, મેઘરજ, ખેડબ્રહ્મા, કુંભારીયા, ભિલોડા, તરસાલી, દશરથ, પલાણા, લુણાવાડા, ઉત્તરસંડા, ઝાલોદ, લીમખેડા, ગોધરા, નસવાડી, બાલાશિનોર, સંખેડા, દિવડા કોલોની, રાજકોટ, ગોંડલ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર, જામનગર, પાનન્ધ્રો, ગાંધીધામ, ભુજ, સુરત, પારડી, ધરમપુર, વાલીયા, વ્યારા, સાગબારા, આહવા–ડાંગ, વાંસદા, ડેડીયાપાડા ખાતે છાત્રાલયની સગવડ ઉપલબ્ધ છે.

છાત્રાલયમાં તાલીમાર્થીઓને નિયમાનુસાર પ્રવેશ આપવામાં આવે છે. ભોજનની વ્યવસ્થા તાલીમાર્થીઓએ પોતે કરવાની રહેશે. છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીએ **રૂ.૨૫૦/–** ડીપોઝીટ રકમ તરીકે અને **રૂ.૫૦/–** છ માસિક સર્વિસ ચાર્જ પેટે ભરવાની રહેશે. ડીપોઝીટની રકમ તાલીમના અંતે અથવા તાલીમાર્થી હોસ્ટેલ છોડી જાય ત્યારે પરત કરવામાં આવશે.

## ૯. રો– મટીરીયલ:

રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તેમજ ગ્રાન્ટ–ઇન એઇડ તાલીમ કેન્દ્રોમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓને તાલીમ માટે અત્યંત જરૂરી એવી પ્રેકટીકલ તાલીમ આપી શકાય તે માટે સંબધિત સંસ્થા દ્વારા જરૂરી રો–મટીરીયલ પૂરૂં પાડવામાં આવે છે.

## ૧૦. કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નીતિઃ

### ૧૦.૧ ધોરણઃ૧૦ની સમકક્ષઃ(શૈક્ષણિક / નોકરીના હેતુસર)

જે વિદ્યાર્થીઓએ ધોરણઃ૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા(ITI)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ–૧૦ ની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એકઝામિનેશનની **ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના / સરકારી નોકરીના હેતુસર ધોરણઃ૧૦ ની સમકક્ષ ગણવામાં આવે છે.**

### ૧૦.૨ ધોરણઃ૧૨ ની સમકક્ષઃ(શૈક્ષણિક / નોકરીના હેતુસર)

જે વિદ્યાર્થીએ ધોરણઃ૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા(ITI)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ(એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.)ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ–૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એકઝામિનેશનની **અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના / સરકારી નોકરીના હેતુસર ધોરણઃ૧૨ ની સમકક્ષ ગણવામાં આવે છે.**

### ૧૦.૩ ડીપ્લોમા એન્જીનીયરીંગના અભ્યાસક્રમોમાં ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશઃ(શૈક્ષણિક હેતુસર)

ધોરણઃ૧૦ પછીના આઈ.ટી.આઈ. પેટર્નના અભ્યાસક્રમો પાસ કરેલ તાલીમાર્થીઓને **ડીપ્લોમા એન્જીનીયરીંગના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે બેઠકો અનામત રાખવામાં આવે છે.** પ્રવેશ અંગેનો કાર્યક્રમ તથા પ્રવેશ અંગેની માહિતી www.acpdc.in પરથી મળી શકશે.

# કારીગર તાલીમ યોજનામાં પ્રવેશની સામાન્ય માહિતી

રાજયમાં આવેલ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તથા ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા જુદા જુદા વ્યવસાયોમાં પ્રવેશ અને તાલીમને લગતી માહિતી નીચે મુજબ છે.

**૧. પ્રવેશ માટેની વય મર્યાદા :**

૧.૧ ઉમેદવાર પ્રવેશનાં વર્ષના ઓગષ્ટ માસની ૧લી તારીખે નીચે મુજબ વયમર્યાદા ધરાવતા હોવા જોઈએ.

૧.૨ તમામ ઉમેદવારની ન્યૂનત્તમ વય **૧૪** વર્ષ હોવી જોઈએ.

૧.૩ વિધવા અને ત્યકતાની ન્યૂનત્તમ વય **૧૮** વર્ષ હોવી જોઈએ.

૧.૪ માજી સૈનિકો અને સૈનિકોની વિધવાઓની ન્યૂનત્તમ વય **૧૮** વર્ષ હોવી જોઈએ.

૧.૫ તમામ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાંથી મુકિત છે.

**૨. પ્રવેશ માટેની શારીરિક યોગ્યતા :**

ઉમેદવાર તંદુરસ્ત અને ચેપી રોગથી મુકત હોવા જોઈએ જે સંસ્થા ખાતે પાર્ટ ટાઈમ મેડીકલ ઓફિસર ન હોય તેવી સંસ્થા તાલીમાર્થીઓની સ્થાનિક ડૉકટર પાસે દાકતરી તપાસ કરાવી શકશે. પરંતુ શકય બને ત્યાં સુધી સરકારી/પંચાયત/જાહેર ટ્રસ્ટ અથવા વિનામૂલ્યે આવી સેવા પૂરી પાડતી હોસ્પિટલોમાં દાકતરી તપાસ કરાવવાની રહેશે.

**૩. અનામત બેઠકો :**

**૩.૧ અનામત બેઠકોની વિગતો નીચેના પત્રકમાં દર્શાવેલ છે.**

| ક્રમ | કેટેગરી | અનામત બેઠકોની ટકાવારી | નોંધ |
|---|---|---|---|
| ૧ | બક્ષીપંચની જાતિઓ | ૨૭ ટકા | દરેક જિલ્લા માટે |
| ૨ | અનુસૂચિત જાતિ | ૧૨.૫ ટકા | દરેક જિલ્લા માટે |
| ૩ | અનુસૂચિત જનજાતિ | ૨૦ ટકા | સુરત,વલસાડ, તાપી અને નવસારી જિલ્લા માટે. |
| ૪ | અનુસૂચિત જનજાતિ | ૧૨.૫ ટકા | બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા અને દાહોદ જિલ્લા માટે. |
| ૫ | અનુસૂચિત જનજાતિ | ૫ ટકા | ઉપર ક્રમ નં.૩ અને ૪ માં દર્શાવ્યા સિવાયના બાકીના જિલ્લાઓ માટે(આણંદ, પોરબંદર અને પાટણ સહિત) |
| ૬ | દિવ્યાંગ | ૩ ટકા | સંસ્થા દીઠ |
| ૭ | *મહિલાઓ | ૨૫ ટકા | વ્યવસાયદીઠ ભરવાપાત્ર બેઠકો |

*** નોંધ :**

**(અ)** મહિલા ઉમેદવારોને પ્રવેશ આપવા માટે કેટેગરી પ્રમાણે દા.ત. એસ.સી., એસ.ટી., સા.શૈ.પ. તથા અન્યમાં કેટેગરીવાઈઝ **૨૫ ટકા** બેઠકો અનામત રાખવામાં આવશે. જો કોઈ કેટેગરીમાંથી યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે બેઠકો ઉપર પુરૂષ ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે.

**(બ)** **નવરચિત જિલ્લાઓ માટે જુના જિલ્લામાં જે અનામતનું ધોરણ નકકી કરવામાં આવેલ હોય તે ધોરણ અપનાવવાનું રહેશે. કોઈ એક જિલ્લો બે કે તેથી વધુ જિલ્લામાંથી અસ્તિત્વમાં આવેલ હોય તો તે નવા જિલ્લાનું મુખ્ય મથક જે જુના જિલ્લાનો અગાઉ ભાગ હતો તે જુના જિલ્લાની અનામતની ટકાવારી નવા જિલ્લામાં અપનાવવાની રહેશે.**

**૪. અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ સરકારશ્રી દ્વારા જે તે હેતુ માટે નીચે જણાવ્યા મુજબના ઠરાવેલ સક્ષમ સત્તાધિકારીઓ પૈકીના કોઈ પણ દ્વારા અપાયેલ પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે.**

## ૪.૧ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(બક્ષીપંચ)ની જાતિઓના ઉમેદવારો માટેઃ

(૧) કલેક્ટરશ્રી (૨) મદદનીશ કલેક્ટરશ્રી/નાયબ કલેક્ટરશ્રી (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૪)નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૬)જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (૭)મહાલકારીશ્રી (૮)મામલતદારશ્રી (૯)નાયબ મામલતદારશ્રી.

## ૪.૨ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે :

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી /વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/નાયબ કમિશનરશ્રી/કલેકટરશ્રી વધારાના નાયબ કમિશનરશ્રી/ નાયબ કલેકટરશ્રી પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટશ્રી/સીટી મેજીસ્ટ્રેટશ્રી/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટશ્રી (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટશ્રીથી ઉતરતી કક્ષાના નહિ /તાલુકા મેજીસ્ટ્રેટશ્રી / કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી) (૨) મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટશ્રી / વધારાના મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટશ્રી / પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટશ્રી (૩) સમાજ કલ્યાણ નિયામકશ્રી અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (૪) મામલતદારશ્રીથી ઉતરતી કક્ષાના નહિ તેવા મહેસૂલ અધિકારીશ્રીઓ (૫) ઉમેદવાર અને/અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટાવિભાગીય અધિકારીશ્રી (૬) વહીવટદારશ્રી / વહીવટદારના સેક્રેટરીશ્રી / વિકાસ અધિકારીશ્રી લક્ષદ્વિપ અને મિનિકોય ટાપુઓ (૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (૮) તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (૯) જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ–૧)

## ૪.૩ લઘુમતી કોમોના ઉમેદવારો માટે :

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીધામ તથા અંકલેશ્વર ખાતે લઘુમતી કોમના ઉમેદવારો માટે બેઠકો દાખલ કરવામાં આવેલ છે.

લઘુમતી કોમમાં **મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બુદ્ધ તેમજ જૈન** જાતિના લોકોનો સમાવેશ કરવામાં આવેલ છે, આ માટે નીચે મુજબના સક્ષમ અધિકારીશ્રી પાસેથી લઘુમતી જાતિનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૧) કલેકટરશ્રી (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૩) મદદનીશ કલેકટરશ્રી / નાયબ કલેકટરશ્રી (૪) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૬) મામલતદારશ્રી (૭) મહાલકારીશ્રી (૮) નાયબ મામલતદારશ્રી.

## ૪.૪ દિવ્યાંગ ઉમેદવારો માટે :

દિવ્યાંગ ઉમેદવારો માટે કુલ ભરવાપાત્ર બેઠકોના **3 ટકા** બેઠકો અનામત રાખવામાં આવેલ છે. દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા અરજી કરતાં ઉમેદવારોએ **સુપ્રિટેન્ડેન્ટશ્રી, નેશનલ કેરીઅર સર્વિસ ફોર ડીફરન્ટલી એબ્લેડ, આઈ.ટી.આઈ. હોસ્ટેલ કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ** તરફથી જે તે વ્યવસાય માટે યોગ્યતાનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. આ માટે દિવ્યાંગ ઉમેદવાર પાસે **૪૦ ટકા** કે તેથી વધુ ટકાવારી દર્શાવતું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. **એક આંખે દિવ્યાંગતા ધરાવતી વ્યકિતનો દિવ્યાંગતાની વ્યાખ્યામાં સમાવેશ થશે નહીં.**

દિવ્યાંગ ઉમેદવારો માટે પ્રવેશ આપવા અનામત રાખવામાં આવતી **૦૩ ટકા** બેઠકોનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે મહાનિર્દેશાલય, શ્રમ અને રોજગાર, નવી દિલ્હી દ્વારા ઈજનેરી તથા બિનઈજનેરી વ્યવસાયોમાં પ્રવેશ આપવા માટે વિવિધ પ્રકારની શારીરિક ક્ષતિ ધરાવતા ઉમેદવારો માટે ભલામણો કરવામાં આવેલા વ્યવસાયોની યાદી **પરિશિષ્ટઃ૮** ઉપર સામેલ છે.

## ૫. ડોમીસાઈલ સર્ટિફિકેટ બાબત :

રાજય બહારના ઉમેદવારોએ નિયમાનુસાર સક્ષમ અધિકારીનું ડોમીસાઈલ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૮/૦૬/૧૯૮૯ના પત્ર ક્રમાંક:આરટીઆર/૧૧૧૪/૬૫/એફ–II મુજબ રાજય બહારના ઉમેદવારોએ નિયમાનુસાર તેઓ પોતે છેલ્લા દશ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરે છે તે મતલબનું જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી / અધિકૃત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર સિવાય) અને ડેપ્યુટી પોલીસ કમિશ્નરશ્રી, સ્પેશ્યલ બ્રાન્ચ અમદાવાદ (અમદાવાદ શહેર માટે) દ્વારા અપાયેલ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. માજી સૈનિક(લશ્કરમાંથી નિવૃત્ત) તથા તેઓના આશ્રિતોને આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટે સદરહુ ડોમિસાઈલ સર્ટિફિકેટના બદલે જે તે જિલ્લા / તાલુકાની રોજગાર વિનિમય કચેરી ખાતે નામ નોંધણી કર્યા બાબતનાં સર્ટિફિકેટ / પુરાવા ગ્રાહ્ય રાખવામાં આવશે.

## ૬. સંરક્ષણ કર્મચારીઓ અને તેમના આશ્રિતોઃ

મૃત્યુ પામેલા, અશકત બનેલા, લશ્કરમાં ફરજ બજાવતા અને માજી સૈનિકોની વિધવા અને બાળકોને નિયમો અનુસાર **આઈ.ટી.આઈ. દીઠ ૧૦** બેઠકોની મર્યાદામાં અનામત બેઠકોનો લાભ મળી શકશે. કારગીલના શહીદોના બાળકો / આશ્રિતોને પણ અનામત બેઠકો ઉપર પ્રાધાન્ય આપવામાં આવશે. આ માટે સૈનિક વેલ્ફેર બોર્ડ કે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૭. ટયુશન ફી તથા બાંહેધરીની રકમ (કોશનમની ડિપોઝિટ) :

**૭.૧** જનરલ તેમજ બક્ષીપંચ કેટેગરીના તાલીમાર્થીએ માસિક **રૂા.૧૦૦/–** ટયુશન ફી ભરવાની રહેશે. ટયુશન ફી **છ માસિક** સમયગાળા માટે લેવામાં આવે છે. **કન્યાઓ, અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિ તથા દિવ્યાંગ તાલીમાર્થીઓને ટયુશન ફી ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે.** આમ છતાં ફી બાબતમાં સરકારશ્રી દ્વારા વખતો વખત જે ફેરફારો થાય તે સર્વે પ્રવેશ લેનાર ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

**૭.૨** પ્રવેશ મેળવતી વખતે તાલીમાર્થીઓએ **રૂા.૨૫૦/–** બાંહેધરીની રકમ (કોશનમની ડિપોઝિટ) તરીકે ભરવાની રહેશે. તાલીમાર્થી સંસ્થાના ઓજારો / યંત્રને નુકશાન કરે કે અધવચ્ચે તાલીમ છોડી જશે તો આ રકમ જપ્ત કરવામાં આવશે. નુકશાનીની રકમ કોશનમનીની રકમ કરતાં વધુ હશે તો બાંહેધરીની રકમ ઉપરાંત વસૂલ લેવામાં આવશે. સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીને તાલીમના અંતે બાંહેધરીની રકમ પરત કરવામાં આવશે.

## ૮. પસંદગીની રીત :

શૈક્ષણિક લાયકાતને ઘ્યાનમાં લઈ મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ સ્થાનિક સંસ્થા કક્ષાએથી પ્રવેશ આપવામાં આવશે. મેરિટ યાદી નકકી કરવાની પદ્ધતિ તેમજ મેરીટ ગુણ નકકી કરવાની પદ્ધતિ **પાના નંબર:૧૮** માં દર્શાવેલ છે.

**૮.૧** **ઓગષ્ટ–૨૦૧૮** ના સત્રમાં કુલ મંજૂર બેઠકો પૈકીની ભરવાપાત્ર બેઠકો ઓપન મેરિટના ધોરણે સરકારશ્રીની પ્રવર્તમાન અનામત નીતિના નિયમોને લક્ષમાં રાખીને ભરવામાં આવશે.

**૮.૨** ઉમેદવારે જે જિલ્લામાંથી ધોરણ:૧૦+૨ની પદ્ધતિમાં ધોરણ:૧૦ અથવા લઘુત્તમ લાયકાતની પરીક્ષા જે જિલ્લામાંથી પસાર કરેલ હશે તેમને તે જિલ્લાના ઉમેદવાર તરીકે ગણવામાં આવશે.

## ૯. અરજી કરવાની રીતઃ

ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મમાં ઉમેદવારે પોતાની વિગતો અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ભરવાની રહેશે. પ્રવેશ અરજી ફોર્મ ભરવા અંગે વિગતવાર સમજ **પાના નંબર:૧૪** માં આપવામાં આવેલ છે. વધુમાં પ્રવેશ ફોર્મમાં ઉમેદવારે જે જિલ્લામાંથી લઘુત્તમ લાયકાતની પરીક્ષા પસાર કરી હોય તે જિલ્લો દર્શાવવાનો રહેશે.

## ૧૦. સીટ કન્વર્ઝનઃ

**૧૦.૧** ટ્રાયબલ વિસ્તાર હેઠળ આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ જેને (ટ્રાયબલ) તરીકે દર્શાવેલ છે તે સંસ્થામાં પ્રથમ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે, આમ છતાં પ્રવેશ અંગેની કાર્યવાહીના અંતે ખાલી રહેતી બેઠકો ઉપર પ્રથમ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) અને ત્યારબાદ જો બેઠકો ખાલી રહે તો અન્ય જાતિના ઉમેદવારોને પ્રવેશ આપવા અંગેની

કાર્યવાહી કરવામાં આવશે, ટ્રાયબલ વિસ્તારની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિ સિવાયના ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

**૧૦.૨** ખાસ અંગભૂત યોજના હેઠળની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રથમ અનુસૂચિત જાતિના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે, આમ છતાં પ્રવેશ અંગેની કાર્યવાહીના અંતે ખાલી રહેતી બેઠકો ઉપર અનુક્રમે પ્રથમ અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ અને ત્યારબાદ જનરલ કેટેગરીના ઉમેદવારોમાંથી ભરવામાં આવશે. ખાસ અંગભૂત યોજના હેઠળની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ સિવાયના ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

**૧૦.3** ઔદ્યોગિક તાલીમ સંસ્થા(મહિલા)ઓમાં ફકત મહિલા ઉમેદવારોને જ પ્રવેશ આપવામા આવશે. પુરૂષ ઉમેદવારોને પ્રવેશ મળી શકશે નહીં. પરંતુ અન્ય સંસ્થાઓમાં જે બેઠકો ફકત મહિલાઓ માટે મંજૂર થયેલ છે તે બેઠકો ઉપર પુરતા પ્રયત્નો બાદ મહિલા ઉમેદવારો મળશે નહીં તો પુરૂષ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. પુરૂષ ઉમેદવારો આવી બેઠકો ઉપર અરજી કરી શકશે. પરંતુ તેઓનો પ્રવેશ હકક ઉપરોકત શરતને આધિન રહેશે.